DCV-19080001010300 Seat No. ______

# B. Com. (Sem. I) Examination

## August - 2022

## Financial Accounting-I

*(General Option)*

Time : **2:30** Hours] [Total Marks : **70**

**સૂચના :** કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો.

1 બે પેઢી મનન-રમણ અને ચેતન-દીપકનું સંયોજન તા. 1લી જાન્યુઆરી, 2020ના રોજ જગમોહન બ્રધર્સના નામે થાય છે. બંને પેઢીના પાકા સરવૈયા નીચે મુજબ છે : **17.5**

**પાકા સરવૈયા**

| **જવાબદારીઓ** | **મનન-રમણ** | **ચેતન-દીપક** | **મિલકતો** | **મનન-રમણ** | **ચેતન-દીપક** |
|---|---|---|---|---|---|
| મૂડી : | | | જમીન-મકાન | 1,40,000 | 1,00,000 |
| મનન | 2,40,000 | - | મોટરકાર | 40,000 | 34,000 |
| રમણ | 2,00,000 | - | ફર્નિચર અને ફિક્ચર્સ | 30,000 | 24,000 |
| ચેતન | - | 2,20,000 | સ્ટોક | 1,14,000 | 1,30,000 |
| દીપક | - | 1,48,000 | દેવાદારો | 1,42,000 | 1,30,000 |
| લેણદારો | 1,08,000 | 1,12,000 | રોકાણો | 30,000 | - |
| ચાલુ ખાતા : | | | રોકડ અને | | |
| મનન | 20,000 | - | બેન્ક બેલેન્સ | 84,000 | 62,000 |
| રમણ | 12,000 | - | | | |
| | **5,80,000** | **4,80,000** | | **5,80,000** | **4,80,000** |

નવી પેઢીએ બંને પેઢીનો ધંધો નીચેની શરતોએ લીધો :

(1) નવી પેઢીમાં મનન-રમણ-ચેતન-દીપક વચ્ચે નફા-નુકસાન પ્રમાણ અનુક્રમે 6:5:5:4 છે.

(2) નવી પેઢીમાં કુલ મૂડી રૂ. 9,60,000 છે જે બધા ભાગીદારો પોતાના નવા નફા-નુકસાનના પ્રમાણ મુજબ લાવે છે.

(3) ચેતન-દીપકની પેઢીના જમીન-મકાન સંયોજન પહેલાં જ રૂ. 1,40,000માં વેચી દેવામાં આવેલ છે, જેની રકમ નવી પેઢીના ધંધામાં રાખવાની છે.

(4) મનન-રમણની પાઘડી રૂ. 80,000 નક્કી કરવામાં આવેલ છે અને ચેતન-દીપકની પાઘડી રૂ. 60,000 નક્કી કરવામાં આવેલ છે.

(5) મનન-રમણ પેઢીના રોકાણો રમણ રૂ. 24,000માં લઈ જાય છે.

(6) મનન-રમણની પેઢી માટે રૂ. 8,000 ઘાલખાધ અનામત આપવાની છે, જ્યારે ચેતન-દીપકની પેઢી માટે રૂ. 10,000 ઘાલખાધ અનામત ઊભી કરવી.

(7) બંને પેઢીના લેણદારો 2.5%ના વટાવથી લેવામાં આવ્યા છે.

(8) બંને પેઢીનો સ્ટોક 10%ના વટાવથી નવી પેઢી દ્વારા લેવામાં આવેલ છે. બાકીની બધી જ મિલકતો ચોપડે કિંમતથી ગણવી.

ઉપરની માહિતી પરથી જૂની પેઢીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો તથા નવી પેઢી માટે શરૂઆતનું સંયોજન પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

2 બે પેઢી જય-દેવ અને રામ-શ્યામનું સંયોજન તા. 1લી જાન્યુઆરી, 2020ના રોજ સત્યમ બ્રધર્સના નામે થાય છે. બંને પેઢીના પાકા સરવૈયા નીચે મુજબ છે : **17.5**

| જવાબદારીઓ | જય-દેવ | રામ-શ્યામ | મિલકતો | જય-દેવ | રામ-શ્યામ |
|---|---|---|---|---|---|
| મૂડી : | | | જમીન-મકાન | 1,40,000 | 1,20,000 |
| જય | 2,50,000 | - | મોટરકાર | 40,000 | 34,000 |
| દેવ | 2,00,000 | - | ફર્નિચર અને ફિક્સર્ચ | 30,000 | 24,000 |
| રામ | - | 2,20,000 | પ્રિમાઈસ | 1,00,000 | 95,000 |
| શ્યામ | - | 1,50,000 | પાઘડી | 30,000 | 40,000 |
| લેણદારો | 1,10,000 | 1,35,000 | સ્ટોક | 1,14,000 | 1,30,000 |
| ચાલુ ખાતા : | | | દેવાદારો | 1,42,000 | 1,30,000 |
| જય | 20,000 | - | રોકાણો | 57,000 | - |
| દેવ | 10,000 | - | અગાઉથી | | |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 35,000 | 27,000 | ચૂકવેલ ખર્ચ | 13,000 | 17,000 |
| બેન્ક લોન | 94,000 | 75,000 | રોકડ અને | | |
| દેવીહૂંડી | 21,000 | - | બેન્ક બેલેન્સ | 84,000 | 20,000 |
| ચૂકવવાના બાકી | | | | | |
| ખર્ચ | 10,000 | 3,000 | | | |
| | **7,50,000** | **6,10,000** | | **7,50,000** | **6,10,000** |

નવી પેઢીએ બંને પેઢીનો ધંધો નીચેની શરતોએ લીધો :

(1) નવી પેઢીમાં જય-દેવ-રામ-શ્યામ વચ્ચે નફા-નુકસાનનું પ્રમાણ અનુક્રમે 6:5:5:4 છે.

(2) નવી પેઢીમાં કુલ મૂડી રૂ. 10,00,000 છે જે બધા ભાગીદારો પોતાના નવા નફા-નુકસાનના પ્રમાણ મુજબ લાવે છે.

(3) રામ-શ્યામની પેઢીના જમીન-મકાન સંયોજન પહેલાં જ રૂ. 1,50,000માં વેચી દેવામાં આવેલ છે, જેની રકમ નવી પેઢીના ધંધામાં રાખવાની છે.

(4) જય-દેવની પાઘડી રૂ. 80,000 નક્કી કરવામાં આવેલ છે અને રામ-શ્યામની પાઘડી રૂ. 90,000 નક્કી કરવામાં આવેલ છે.

(5) દેવ પોતાની પેઢીના રોકાણો પોતે રૂ. 65,000માં લઈ જાય છે. જય-દેવ પેઢીની દેવીહૂંડી જય દ્વારા 5%ના વટાવથી ખરીદવામાં આવે છે.

(6) જય-દેવની પેઢી માટે રૂ. 16,000 ઘાલખાધ અનામત આપવાની છે, જ્યારે રામ-શ્યામની પેઢી માટે રૂ. 20,000 ઘાલખાધ અનામત આપવી. બંને પેઢીના લેણદારો 2.5%ના વટાવથી નવી પેઢી દ્વારા લેવામાં આવ્યા છે.

(7) બંને પેઢીનો સ્ટોક 10%ના વટાવથી નવી પેઢી દ્વારા લેવામાં આવેલ છે.

(8) બેન્ક લોન તથા મોટરકાર સિવાયની બાકીની બધી જ મિલકતો ચોપડે કિંમતથી નવી પેઢીમાં લઈ જવામાં આવે છે.

(9) જે મિલકતો અને જવાબદારીઓ નવી પેઢીમાં નથી લઈ જવાની તેને ભાગીદારો વચ્ચે સરખા પ્રમાણમાં વહેંચવી.

ઉપરની માહિતી પરથી જૂની પેઢીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો તથા નવી પેઢી માટે શરૂઆતનું સંયોજન પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**3** 1લી જાન્યુઆરી, 2021ના રોજ શ્યામ 500 સબમર્સિબલ પંપ જેની દરેકની પડતર રૂ. 200 છે, તે રામને આડતથી વેચવા મોકલે છે. **17.5**

શ્યામ નીચે મુજબ ખર્ચ કરે છે :

ભાડું ....... રૂ. 1,000

વીમો ...... રૂ. 1,500

રામને કુલ વેચાણના 10% આડત અને ઉધાર વેચાણના 5% આસામી આડત આપવાની છે.

શ્યામ રૂ. 50,000ની હૂંડી રામ ઉપર લખે છે. આ હૂંડી રૂ. 49,500માં વટાવાયેલ છે. રામ તરફથી નીચેની માહિતી મળે છે :

(1) 300 સબમર્સિબલ પંપ દરેક રૂ. 300 લેખે રોકડેથી વેચ્યા.

(2) 100 સબમર્સિબલ પંપ દરેક રૂ. 350 લેખે ઉધારથી વેચ્યા.

(3) 40 સબમર્સિબલ પંપ દરેક રૂ. 300 લેખે રાધેને વેચ્યા. (શ્યામની ભલામણથી)

(4) 10 સબમર્સિબલ પંપ રસ્તામાં સંપૂર્ણ ડેમેજ થયેલા. વીમા કંપની દ્વારા 50% રકમનો દાવો સ્વીકારાયો છે.

રામ દ્વારા ચૂકવવામાં આવેલ ખર્ચ :

ક્લીયરિંગ ચાર્જ.................રૂ. 1,000

મજૂરી .........................રૂ. 2,000

પેકેજિંગ અને વેચાણ ખર્ચ .......રૂ. 900

રામ પાસેથી બાકી રકમનો ડ્રાફ્ટ મળે છે.

શ્યામના ચોપડે આડતમાલ ખાતું તથા રામનું ખાતું તૈયાર કરો.

4 રાધા 500 સ્પીકર બંસરીને આડતથી વેચવા મોકલે છે. જેના દરેક નંગ દીઠ રૂ. 400ની કિંમતે ભરતિયું તૈયાર કરવામાં આવેલ છે, જ્યારે તેની નંગદીઠ પડતર રૂ. 350 હતી. તેને સ્પીકર મોકલતા રૂ. 7,500 ખર્ચ કર્યો. જેમાં રૂ. 1,500 વીમા પ્રીમિયમનો પણ સમાવેશ થઈ જાય છે. **17.5**

રસ્તામાં 50 સ્પીકર નાશ પામે છે. જેની દાવાની રકમ વીમા કંપની તરફથી પડતર કિંમતના 90% જેટલી રાધાને મળી છે. બંસરી બાકીના સ્પીકર ભરતિયા કિંમતથી વેચે છે. જેનો વેચાણ ખર્ચ રૂ. 3,000 હતો. તેને 2% કમિશન કાપીને રાધાને રકમ ચૂકવી.

રાધાના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો તથા બંસરીના ચોપડે રાધાનું ખાતું તૈયાર કરો.

5 અજય, વિજય અને હિરેન 3:2:1 મુજબ નફો નુકસાન વહેંચીને એક હાઉસ બનાવવા માટેના સંયુક્ત સાહસમાં જોડાય છે. તેઓ રૂ. 6,00,000 નફા-નુકસાનના પ્રમાણમાં સંયુક્ત બેન્ક ખાતામાં જમા કરે છે. **17.5**

સંયુક્ત બેન્ક ખાતામાંથી નીચેના ખર્ચ ચૂકવવામાં આવ્યા :

માલસામાન .................. રૂ. 6,00,000

મજૂરી ....................... રૂ. 4,00,000

ડિઝાઈન અને આર્કિટેક્ટ ખર્ચ ... રૂ. 15,000

પ્લાન્ટ ......................... રૂ. 35,000

કાનૂની ફી રૂ. 20,000 અજય દ્વારા ચૂકવવામાં આવે છે. મિક્ષર મશીન રૂ. 65,000ની કિંમતનું વિજય દ્વારા ધંધામાં લાવવામાં આવે છે. વાહનો રૂ. 80,000ની કિંમતના હિરેન દ્વારા લાવવામાં આવેલ છે.

પ્રોજેક્ટ પૂરો થવા સમયે અજય દ્વારા રૂ. 30,000ની કિંમતનો માલસામાન પાછો લઈ લેવામાં આવે છે. વિજય મિક્ષર મશીન રૂ. 20,000ની કિંમતે પાછું લઈ જાય છે તથા હિરેન દ્વારા રૂ. 50,000 ચૂકવીને વાહનો પાછા લઈ જવામાં આવે છે. પ્લાન્ટમાંથી રૂ. 15,000 ઉદ્‌ભવે છે.

કરાર કિંમતના 75% રકમ મુજબ રૂ. 12,00,000નો બેન્ક ચેક મળેલ છે અને બાકીની રકમના 10%ના ડિબેન્ચર મળેલા છે. મળેલ ડિબેન્ચરમાંથી રૂ. 3,00,000ના ડિબેન્ચર બજારમાં 20% નફાથી વેચવામાં આવે છે. વધેલા ડિબેન્ચર અજય દ્વારા મૂળ કિંમતથી 20% ઓછી રકમ ચૂકવીને ખરીદવામાં આવ્યા.

ઉપરની માહિતી પરથી નીચેના ખાતા તૈયાર કરો :

(1) સંયુક્ત સાહસ ખાતું

(2) બધા ભાગીદારોના ખાતા

(3) સંયુક્ત બેન્ક ખાતું

6 રાધા અને મીરા જમીનના ડીલર તરીકે સંયુક્ત સાહસમાં જોડાય છે. તેઓનું નફા-નુકસાનનું પ્રમાણ 3:2 નક્કી કરવામાં આવેલ છે. રાધા અને મીરા અનુક્રમે રૂ. 3,50,000 અને 4,00,000 સંયુક્ત બેન્ક ખાતામાં જમા કરે છે. **17.5**

તેઓ 5,000 ચોરસ મીટર જમીનનો એક પ્લોટ રૂ. 120 પ્રતિ મીટરની કિંમતે ખરીદે છે જેની ચૂકવણી સંયુક્ત બેન્ક ખાતામાંથી કરે છે. સંયુક્ત બેન્ક ખાતામાંથી નીચેના ખર્ચ ચૂકવવામાં આવે છે :

રજિસ્ટ્રેશન ચાર્જ ......... રૂ. 22,000

સ્ટેમ્પ ડ્યૂટી ............. રૂ. 15,000

કાનૂની સલાહકારની ફી ....રૂ. 2,500

અન્ય ખર્ચ.................રૂ. 4,250

દલાલી .................. રૂ. 12,000

તેઓ દ્વારા ખરીદેલ જમીનને પ્લોટ દ્વારા વેચવાનો એક પ્લાન તૈયાર કરવામાં આવે છે. જે પ્લાન મુજબ 20% જમીન જાહેર રસ્તા માટે રાખવાની છે તથા 10% જમીન જાહેર બગીચા માટે, વધારાની જમીનને સરખા ભાગે 25 પ્લોટમાં વહેંચવાની છે.

રાધા દ્વારા 15 પ્લોટનું વેચાણ રૂ. 300 પ્રતિ ચો. મીટરના ભાવે કરવામાં આવે છે અને બાકીના પ્લોટનું વેચાણ મીરા રૂ. 325 પ્રતિ ચો. મીટરના ભાવે કરે છે. બંનેને વેચાણ પર 5% કમિશન ચૂકવવામાં આવે છે.

ઉપરની માહિતી પરથી સંયુક્ત સાહસ ખાતું, બધા ભાગીદારોના ખાતા તથા સંયુક્ત બેન્ક ખાતું તૈયાર કરો.

7 રાજા, રામ અને મોહન એક ભાગીદારી પેઢીમાં ભાગીદારો છે, જેઓનું નફા-નુકસાનનું પ્રમાણ 2:2:1 છે. તેઓએ તા. 1-1-2012ના રોજ રૂ. 6,00,000ની કિંમતની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી જેનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 24,000 છે. પેઢીનું નાણાકીય વર્ષ 31 ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. **17.5**

વર્ષ........ શરણ મૂલ્ય

2012 ....... શૂન્ય

2013 ....... કુલ ચૂકવેલ પ્રીમિયમના 10%

2014 ....... કુલ ચૂકવેલ પ્રીમિયમના 20%

2015 ....... કુલ ચૂકવેલ પ્રીમિયમના 30%

મોહન તા. 1-2-2016ના રોજ મૃત્યુ પામે છે. ઈન્સ્યોરન્સ કંપની દ્વારા તા. 25-2-2016ના રોજ વીમાની રકમ 10% બોનસ સાથે ચૂકવવામાં આવે છે.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો :

(1) સંયુક્ત જીવન વીમા ખાતું

(2) સંયુક્ત જીવન વીમા ભંડોળ ખાતું

8 હરિ, કિશન અને રોય એક ભાગીદારી પેઢીમાં ભાગીદારો છે, જેઓનું નફા-નુકસાનનું પ્રમાણ 5:3:2 છે. તેઓએ તા. 1-1-2012ના રોજ રૂ. 25,00,000ની કિંમતની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી જેનું પ્રીમિયમ રૂ. 25,000 વર્ષમાં બે વાર તા. 1લી જાન્યુઆરી અને 1લી જુલાઈના રોજ ચૂકવવાનું છે. પેઢીનું નાણાકીય વર્ષ 31 ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. **17.5**

રોય તારીખ 10 માર્ચ, 2014ના રોજ મૃત્યુ પામે છે અને ઈન્સ્યોરન્સ કંપની તારીખ 20 માર્ચ, 2014ના રોજ વીમાની રકમ ચૂકવે છે.

ઉપરની માહિતી પરથી નીચેના કેસ મુજબ જરૂરી આમનોંધ લખો :

(1) જો પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે

(2) જો પ્રીમિયમને મૂડી ખર્ચ ગણવામાં આવે.

## ENGLISH VERSION

**Instruction:** Solve any four questions out of eight.

1 Two firm's Manan-Raman and Chetan-Dipak agreed to amalgamate as on 1st January, 2020 under the name Jagmohan brothers. The balance sheets stood on the same date is as follows : **17.5**

**Balance Sheets**

| Liabilities | Manan-Raman | Chetan-Dipak | Assets | Manan-Raman | Chetan-Dipak |
|---|---|---|---|---|---|
| Capital: | | | Land & Building | 1,40,000 | 1,00,000 |
| Manan | 2,40,000 | - | Motor Cars | 40,000 | 34,000 |
| Raman | 2,00,000 | - | Furniture & | | |
| Chetan | - | 2,20,000 | Fixtures | 30,000 | 24,000 |
| Dipak | - | 1,48,000 | Stock | 1,14,000 | 1,30,000 |
| Creditors | 1,08,000 | 1,12,000 | Debtors | 1,42,000 | 1,30,000 |
| Current A/c : | | | Investment | 30,000 | - |
| Manan | 20,000 | - | Cash & Bank | | |
| Raman | 12,000 | - | Balance | 84,000 | 62,000 |
| | **5,80,000** | **4,80,000** | | **5,80,000** | **4,80,000** |

The following terms and conditions were agreed upon for amalgamation of both firms:

(1) The Profit-Loss Ratio in the new firm is 6:5:5:4 among Manan-Raman-Chetan-Dipak.

(2) The capital of the new firm is to be Rs. 9,60,000 to be provided by partners in their new profit – Loss ratio.

(3) The Land and Building of Chetan-Dipak's firm is sold just before amalgamation for Rs. 1,40,000 and the proceeds of the same is to be retained in the business of new firm.

(4) The Goodwill of Manan-Raman was fixed at Rs. 80,000 and for Chetan-Dipak it was fixed at Rs. 60,000.

(5) Raman was to take over Manan-Raman's firm's investment at Rs. 24,000.

(6) Provision was to be made for doubtful debts Rs. 8,000 for Manan-Raman firm and Rs. 10,000 for Chetan-Dipak firm.

(7) The Creditors of each firm is to be taken subject to a discount of 2.5%.

(8) The stock of each firm were taken subject to discount of 10%. Other Assets were taken at Book Values.

Prepare Accounts to close the Books of Old Firms and prepare Opening Balance Sheet for New Firm after amalgamation.

2 Two firms Jay-Dev and Ram-Shyam agreed to amalgamate as on 1st January, 2020 under the Name Satyam Brothers. The Balance Sheets on the same date are as follows: **17.5**

| **Liabilities** | **Jay-Dev** | **Ram-Shyam** | **Assets** | **Jay-Dev** | **Ram-Shyam** |
|---|---|---|---|---|---|
| Capital : | | | Land & Building | 1,40,000 | 1,20,000 |
| Jay | 2,50,000 | - | Motor Cars | 40,000 | 34,000 |
| Dev | 2,00,000 | - | Furniture & Fixtures | 30,000 | 24,000 |
| Ram | - | 2,20,000 | Premise | 1,00,000 | 95,000 |
| Shyam | - | 1,50,000 | Goodwill | 30,000 | 40,000 |
| Creditors | 1,10,000 | 1,35,000 | Stock | 1,14,000 | 1,30,000 |
| Current Accounts : | | | Debtors | 1,42,000 | 1,30,000 |
| Jay | 20,000 | - | Investment | 57,000 | - |
| Dev | 10,000 | - | Prepaid Expenses | 13,000 | 17,000 |
| Bank Overdraft | 35,000 | 27,000 | Cash & Bank Bal. | 84,000 | 20,000 |
| Bank Loan | 94,000 | 75,000 | | | |
| Bills Payable | 21,000 | - | | | |
| Outstanding Expense | 10,000 | 3,000 | | | |
| | **7,50,000** | **6,10,000** | | **7,50,000** | **6,10,000** |

The following terms and conditions were agreed upon for amalgamation of both the firms:

(1) The Profit-Loss Ratio in the new firm is 6:5:5:4 among Jay, Dev, Ram and Shyam.

(2) The capital of the new firm is to be Rs. 10,00,000 to be provided by partners in their new profit ratio.

(3) The land and building of Ram-Shyam's firm is sold just before amalgamation for Rs. 1,50,000 and the proceeds of the same is to be retained in the business of new firm.

(4) The Goodwill of Jay-Dev was fixed at Rs. 80,000 and for Ram-Shyam goodwill was fixed at Rs. 90,000.

(5) Dev was to take over his firm's investment at Rs. 65,000. Bills payable of Jay-Dev firm was purchased by Jay at 5% discount.

(6) Provision was to be made for doubtful debts of Rs. 16,000 for Jay-Dev firm and Rs. 20,000 for Ram-Shyam firm. The creditors of each firm is to be taken subject to a discount of 2.5%.

(7) The stock of each firm was taken by new firm subject to discount of 10%.

(8) Other Assets and Liabilities except Bank Loan and Motor Cars were taken by new firm at Book Values.

(9) All the Assets and Liabilities not taken by new firm are distributed to partners in equal ratio.

Prepare Accounts to close the Books of Old Firm and prepare Opening Balance Sheet for New Firm after amalgamation.

**3** On 1$^{st}$ January, 2021, Shyam consigned 500 submersible pumps costing Rs. 200 each to Ram. **17.5**

Shyam incurred following expenses:

Freight ...... Rs. 1,000

Insurance ... Rs. 1,500

Ram is entitled to get 10% commission on total sales and 5% del credere commission on credit sales.

Shyam wrote a bill on Ram for Rs. 50,000 and that bill was discounted for Rs. 49,500.

***Ram sent the following information :***

(1) 300 submersible pumps sold for cash each of Rs. 300.

(2) 100 submersible pumps sold on credit each of Rs. 350.

(3) 40 submersible pumps sold to Radhe (on recommendation from Mr. Shyam) each of Rs. 300.

(4) 10 submersible pumps (in transit) totally damaged and insurance company settled and accepted claim for 50% amount.

Ram paid the expenses as given below:

Clearing Charges ....................... Rs. 1,000

Warehousing Expenses ............. Rs. 2,000

Packing and Selling Exp. ............. Rs. 900

Ram sent the bankdraft for the due payment.

*Prepare :*

Consignment Account and Consignee's Account in the books of Shyam.

**4** Radha sends 500 speakers for consignment sale to Bansari, for which proforma invoice prepared at Rs. 400 per speaker. The cost price per speaker is Rs. 350. While dispatching speakers, Radha paid Rs. 7,500 for expenses which includes Rs. 1,500 for insurance premium. **17.5**

In transit, 50 speakers destroyed. The insurance company paid to Radha 90% of cost price as claim. Bansari sold remaining speakers at invoice price. The selling expenses was Rs. 3,000. Bansari paid the balancing to Radha amount after deducting 2% commission on sales.

Prepare necessary accounts in the books of Radha and Radha's Account in the books of Bansari.

5 Ajay, Vijay and Hiren started a Joint Venture business to construct a House and shared profit and losses in the ratio of 3:2:1. They deposited Rs. 6,00,000 in their Joint Bank Account as per their profit-sharing ratio. **17.5**

Following expesnes were paid from Joint Bank Account :

Materials ........................................... Rs. 6,00,000

Wages ................................................ Rs. 4,00,000

Designs and Architect fees .................. Rs. 15,000

Plant ...................................................... Rs. 35,000

Legal fees paid by Ajay Rs. 20,000. Mixture Machine brought by Vijay of Rs. 65,000. Vehicles brought by Hiren for Rs. 80,000.

On completion of the project Ajay took away materials in stock for Rs. 30,000. Vijay took away mixture machine for Rs. 20,000 and Hiren took away vehicles and paid for Rs. 50,000. Plant realized Rs. 15,000.

Rs. 12,00,000 (being 75% amount of contract price) was received by cheque and 10% debentures were issued for the balance amount. Of the debentures received, debentures of Rs. 3,00,000 were sold in the market at 20% profit. Remaining debentures were taken by Ajay at 20% less to its face value.

From the above information, Prepare:

(1) Joint Venture Account

(2) All Partner's Account

(3) Joint Bank Account

6 Radha and Meera enter into a joint venture as a dealer in land. They agreed to share profit and losses in the ratio of 3:2. They deposited Rs. 3,50,000 and 4,00,000 respectively in their joint bank account. **17.5**

They purchased a plot of land measuring 5,000 square meter sat a cost of Rs. 120 per square meter and paid from joint Bank account. They paid following expenses from Joint Bank Account.

Registration charges......................Rs. 22,000

Stamp Duty ..................................Rs. 15,000

Legal advisor's fees ........................Rs. 2,500

Miscellaneous expenditure.............Rs. 4,250

Brokerage.....................................Rs. 12,000

They prepared a plan for selling the plot of land. In the said plan 20% of the land was left over for public roads and 10% of the land was left over for public park and the remaining land was divided into 25 plots of equal size.

15 plots were sold by Radha for Rs. 300 per square meter and remaining plots were sold by Meera for Rs. 325 per square meter. Both are entitled for 5% commission on sales made by them.

Prepare Joint Venture Account, All Partners' Accounts and Joint Bank Account.

7 Raja, Ram and Mohan are partners sharing profits and losses in the ratio of 2:2:1. They took a joint life policy worth Rs. 6,00,000 as on 1-1-2012 with a yearly premium of Rs. 24,000. Firm's accounting year ends on $31^{st}$ December every year. **17.5**

***Surrender Values were as under :***

2012 ....... Nil

2013 ....... 10% of total premium paid

2014 ....... 20% of total premium paid

2015 ....... 30% of total premium paid

Mohan died on 1-02-2016. Insurance compnay settled and paid claim as on 25-2-2016 with 10% Bonus.

***Prepare :***

(1) Joint Life Policy Account

(2) Joint Life Policy Reserve Account

**8** Hari, Kishan and Roy were partners sharing profits and Losses in the ratio of 5 : 3 : 2. They took a joint life plocy of Rs. 25,00,000 as on 1st January, 2012. The premium is Rs. 25,000 payable on 1st January and 1st July every year. The accounting year of the firm ends on 31st December every year. **17.5**

Roy expired on 10th March, 2014 and insurance company paid claim as on 20th March, 2014. Pass necessary journal entries in following cases:

(1) Premium is treated as Revenue Expenditure

(2) Premium is treated as Capital Expenditure.

---